સર્ગ ૧

# અજ્ઞેયની ખોજ

જગત ગમે તેટલું આપી શકતું હોય તોપણ તે અત્યંત ઓછું જ હોય છે: એની શકિત ને એનું જ્ઞાન કાળની બક્ષિસો છે; આત્માની પવિત્ર તૃષાને તે છિપાવી શકતું નથી. જે એકસ્વરૂપ છે તેનાં આ બધાં મહિમાવંતાં સ્વરૂપો છે, ને એની કૃપાના ઉચ્છ્વાસથી જ આપણાં જીવનો ટકી રહેલાં છે. એ જ આપણા અસ્તિત્વનું સંપૂર્ણ સત્ય છે. પરંતુ એ એની પોતાની ક્રિયાઓથી ઢંકાઈ ગયેલું હોઈ આપણે માટે અગમ્ય છે, ગૂઢ છે, નીરવ ને સ્પષ્ટ દેખાય કે સમજાય નહિ એવું બનેલું છે.

જે સર્વને મનોહર બનાવી દે છે તે સાન્નિધ્ય અશ્વપતિ આગળથી લુપ્ત થયું હતું. પોતાના કારણથી વિયુકત બનેલું જગત જીવ્યે તો જતું હતું, પરંતુ તે પ્રિયતમના પ્રયાણ પછીના પ્રેમની માફક. અજ્ઞેયમાં જ્ઞાનમાત્રનો અંત આવી ગયો. સર્વ શકિત સર્વશકિતમાનમાં પાછી પ્રવેશી ગઈ. અશ્વપતિના પ્રયાસ-પરાયણ હૃદયમાં નીરવતા જામી. જગતની ઝંખનાઓના અવાજમાંથી મુકત થઈ એ અનિર્વચનીયના અકાળ આવાહન પ્રત્યે વળ્યો. એક અંતરંગ અનામી સત્, પરવશ કરતી પરમ મુદા અને મહાશાંતિ પોતામાં ને અન્ય સર્વમાં સંવેદાતી હતી, છતાંય તે પકડમાં આવતી નહોતી. પાસે જતાં તે આઘે સરકી જતી ને રાજાને પ્રલોભાવીને બોલાવતી જ રહેતી. એના આનંદ વિના અન્ય કંઈ સંતોષ આપતું નહિ. એના વગરનું મોટામાં મોટું હોય તેય તુચ્છ બની જતું. એનું સાન્નિધ્ય તુચ્છમાં તુચ્છનેય દિવ્ય બનાવી દેતું. એ દૈવત જતું રહેતું ત્યારે જગત અર્થરહિત શૂન્ય બની જતું. એણે ભુવનને ભરી દીધું હતું, છતાં એનો સ્પર્શ પામી શકાતો નહોતો. કરોડો લોકોને એ સર્જતું ને વિસર્જતું, નિ:સંખ્ય નામ-રૂપોને પોતે ધારણ કરતું ને નાશ પમાડતું. એ હતું સર્વાત્માનો સમસ્ત સાર. એનો મહિમા આઘેનો બની જઈ અસ્પષ્ટ દેખાતો, તો અંતરમાં એની મધુર નિકટતા અનુભવાતી.

રાજાના આગેકદમ પર એક ભીમકાય સંદેહે છાયા પાથરી. કોઈ દાબતાં તો કોઈ સહાય કરતાં, સમજાય નહિ એવાં બળો આગળ આવ્યાં. છતાં અભીપ્સુ અશ્વ-પતિ કદીક ડૂબતો તો કદીક ઊંચે ઊંચકાતો અટકયા વિના અજિત રહીને આરોહતો રહ્યો. એમ કરતાં કરતાં એ એક એવે શિખરે આવ્યો કે જ્યાં સર્જાયેલું કશું જ રહી શકતું નહિ. જ્યાં એકેએક આશાને ને ખોજને ખમચાઈ જવું પડતું એવી એક કેવલ સત્તાની સમીપમાં આવી અશ્વપતિ ઊભા.

એ હતી એક શૂન્યાકારતા, પાર વગરનાં પરિવર્તનોથી ભીતરમાં ભરેલી. ત્યાં બધા જ વેશો વ્યર્થ બની જતા, માનવ મનને મહાજ્યોતિમાં પદત્યાગ કરવો પડતો, યા તો ફૂદાની માફક સત્યની નરી જ્વાલામાં જળી જવું પડતું. જ્યાં ઊભનારને ચક્કર આવી જાય એવી એક ઊંચાઈએ અશ્વપતિ ઊભો.

હવે એક પ્રચંડ પસંદગી કરવાની હતી. એ હતી બે પ્રકારની : અશ્વપતિ પોતે અત્યાર સુધીમાં જે થયો હતો ને પોતે જેની પ્રત્યે વિકાસ પામી રહ્યો હતો તે સર્વને કાં તો પાછળ મૂકી દેવાનું, કાં તો જેનું એકે નામ નથી તે तत् ના એક સ્વરૂપમાં એને રૂપાંતર પમાડવાનું. વિચારને જ્યાં પકડ મળતી નથી એવી એક સ્પર્શને માટે અગમ્ય શકિતમાં અશ્વપતિના આત્માએ શૂન્યનું સાહસ સંમુખ જોયું. રૂપોના જગતે એને તજી દીધો; વિશ્વવ્યાપી અજ્ઞાન તળિયે જઈ બેઠું; વિચારની ગતિનો અંત આવ્યો; કર્તા સંકલ્પ બંધ પડી ગયો; અવિદ્યાએ ઊભી કરેલી ઈમારતો બેસી ગઈ; વિશ્વાધાર આત્મા સુધ્ધાં પ્રકાશમાં અપર્યાપ્ત બની ગયો. જીવના પૃથક્ સ્વરૂપને મન પારના પરમ સત્યમાં જન્મ લેવો પડે યા તો પીગળી જવું પડે એવી પરિસ્થિતિ ઉપસ્થિત થઈ. એક સુખપૂર્ણ શૂન્યમાં રૂપ-રેખા ને મેળનું માધુર્ય વિલીન થઈ ગયાં. વિશ્વકર્માઓનાં નામરૂપ રહ્યાં નહીં; એમની રચેલી યોજનાબદ્ધ સૃષ્ટિઓ સરી ગઈ. વિશ્વે પોતાનો રંગબેરંગી પટ અળગો કર્યો. સર્જાયેલી વસ્તુઓનો ને એમની સમસ્યાઓનો અકલ્પ્ય અંત આવ્યો અને અખિલનો દૂરદૃષ્ટ દેવ દેખાયો. જીવનની પાંખો પર એના પાય મંડાયા હતા. કાળનો એ સર્વ-સમર્થ એકાકી દ્રષ્ટા હતો. અંતર્વર્તી અને અકળ એ હીરક નયને નિહાળતો હતો. એની તાગ વગરની દૃષ્ટિથી આકર્ષાયેલાં અણઊકલ્યાં કાળચક્રો પોતાના પ્રભવ પ્રત્યે પાછાં ફરતાં હતાં ને અદૃશ્ય સાગરમાંથી પાછાં ઉપર આવતાં હતાં. એની શકિતમાંથી સર્જાયેલું સર્વ સમાપ્ત થઈ ગયું હતું. વિશ્વના મનની કલ્પનાનો વિષય બને એવું કશું જ રહ્યું નહોતું. શાશ્વતીય વિલાઈ જવાની તૈયારીમાં હતી. અવકાશેય શૂન્યમાં શમી જતા સ્વપ્નની પાંખોના ફફડાટ જેવો બની ગયો હતો. અમર આત્મા અને ઈશ્વરીય સત્તા અજ્ઞેયમાંથી પ્રક્ષિપ્ત મિથ કથા જેવાં લાગતાં હતાં. तत् માંથી સર્વ સમુદ્‌ભવ્યું હતું ને तत् માં ઉપરામ પામતું હતું. પરંતુ તે तत् શું હતું તે કોઈ વિચાર કે દૃષ્ટિથી જાણ્યું જતું નહોતું.

એક નિરાકાર રૂપ માત્ર અવશિષ્ટ રહ્યું હતું. એ હતું એક આછાપાતળા આભાસ જેવું, શૂન્યની કિનાર પર સમાપ્ત થતા મહાસાગરના મોજાને થતા અંતિમ અનુભવ જેવું. અવકાશના ભાન વિનાની એક બ્રાહ્મી બૃહત્તા વ્યાપી હતી. કાળથી વિચ્છેદ પામેલી એક નિત્યતાએ, એક અદ્‌ભુત ને અવિકારી અક્ષર શાંતિએ જગતનો ને જીવનો ચૂપચાપ પરિત્યાગ કર્યો હતો. એક એકમાત્ર ને અદ્વિતીય સત્યતાએ રાજાની ભાવિક શોધને ઉત્તર આપ્યો. અશ્વપતિની આગળ એ હવે આવી ઊભી— ભાવહીન, શબ્દહીન, અગાધ શાંતિમાં પ્રવિલીન ને કોઈથી ભેદાય નહિ એવી

રહસ્યમયતાથી ભરેલી. વિશ્વની સાથે એને કશો જ સંબંધ નહોતો. એની વિરાટતામાં નહોતી ક્રિયા કે નહોતી ગતિ. એના મૌનની સમક્ષ જીવનનો પ્રશ્ન હોઠ ઉપર જ મૃત્યુ પામી જતો. જગતની જહેમત પરમ પ્રકાશની અનુમતિ ન મળતાં અજ્ઞાનના આરોપસર અટકી પડતી. જાણવાની જરૂરવાળું ત્યાં મન નહોતું, પ્રેમની જરૂરવાળું હૃદય નહોતું. એની નામહીનતામાં વ્યક્તિસ્વરૂપનો વિલય થઈ જતો. એ પોતે જ પોતાની સમીપ સત્ય હતું. એ હતું શુદ્ધ **सत्**—વિચાર ને ભાવોર્મિથી રક્ષિત રહેલું; એ હતું અમર, અવિભાજિત આનંદમય **चित्**; પોતાની કેવળ અનંતતામાં એ અવસ્થિત હતું, એક અનન્ય ને વાણીથી વર્ણવી ન શકાય એવું એકાકી; એ હતું અરૂપ, અલક્ષણ અને અવાક્. પોતાના અકાલ આત્માથી એ સ્વરૂપને જાણતું. એ સર્જતું નથી, સર્જાયું નથી; એનો જન્મ થયો નથી. એ એક એવું એક છે. એના વડે સર્વે જીવે છે, એ કોઈને આધારે જીવતું નથી; એ છે અમેય જ્યોતિર્મય રહસ્ય. અવ્યક્તનાં અવગુંઠનોમાં રક્ષાયેલું રહેલું, પરિવર્તન પામતા પ્રપંચથી ઉપર, સર્વોચ્ચ ને સર્વથા નિર્વિકાર, સર્વનું મૌનમય નિગૂઢ કારણ, અગમ્ય, અનંત, સનાતન, અચિંત્ય અને એકાકી.

સર્ગ ૨

# મા ભગવતીની આરાધના

જીવને જ્યારે પોતાના આત્માનો—કેવળ આત્માનો સંપૂર્ણ સાક્ષાત્કાર થાય છે ત્યારે એક નિરપેક્ષ ને અપ્રકાશ્ય નિસ્પંદતાનો એને ભેટો થાય છે. આ નિસ્પંદતા આડી દીવાલ જેવા બની એને જગતથી જુદો પાડી દે છે. જીવના બધા ઇન્દ્રિય-ગમ્ય અનુભવો ગહનમાં ગરક થઈ જાય છે ને મન દ્વારા એણે જે જે જાણ્યું હતું તે બધું અસત્ બની જાય છે. સ્થળ-કાળ-રહિત અચિંત્ય ને અનામ માત્ર બાકી રહે છે. જીવનની ભારકારક જરૂરો જતી રહે છે, વિચાર સરી પડે છે, હર્ષશોક શમી જાય છે, અહંભાવ મરી જાય છે, જન્મ ને મરણ, કર્મ ને નિર્માણમાંથી આપણને મુક્તિ મળી જાય છે.

પણ જીવ! એકદમ ઉલ્લાસમાં આવી જતો નહિ! આ તો છે બ્રહ્મની નિરવધિ નીરવતા, એક સુખભરી અલૌકિક અગાધતા. ઠીક, પણ તું જેને માટે જગતમાં આવ્યો છે તેનું શું? આત્માની શક્તિનું શું? જાત અને જગત બનેલ જે આપણા અંતરમાં છે તેના તારકમંડળ તળેના ઉદ્દેશનું શું? છટકી જવું એ કંઈ વિજય છે? તાજ એમ મળતો નથી. પ્રભુનું કાર્ય અરધું જ થયેલું હોય છે. કશું જ પૂર્ણાહુતિએ પહોંચ્યું હોતું નથી. ને જગત તો ચાલતું હતું તેમ ચાલ્યું જ જાય છે. નિત્યની 'ના' નજીક આવી છે ને એણે તારી આંખોમાં તાકીને તારા હૈયાને હણ્યું છે. પણ પરમ પ્રેમમયની 'હા' ક્યાં છે? ક્યાં છે છૂપા હૃદયમર્મીની અમરતા? ક્યાં છે સર્જક અગ્નિનું આવાહન કરતો સૂર? ઓમ્ નું તથાસ્તુ ક્યાં છે? પ્રહર્ષ ને પ્રશાંતિ વચેનો સેતુ ક્યાં છે? ક્યાં છે પેલી દિવ્ય વધૂનો ભાવાવેશ? ક્યાં છે એનું સૌન્દર્ય? મહિમાવંતા વિરોધીઓનું જ્યાં પરસ્પર ચુંબન થાય છે તે શયનખંડ ક્યાં છે? પરિ-ત્રાયક સ્મિત ક્યાં છે? ક્યાં છે સકલનું સોનેરી શિખર? કાળો પડદો ઉઠાવાયો છે ને સર્વજ્ઞ સ્વામીની મહાસમર્થ છાયા દેખાઈ છે, પણ પ્રકાશનો પડદો ઉઠાવીને રાજ-મહારાજના પિંડનાં દર્શન કોણે કર્યાં છે? પ્રભુના જન્મની ને કર્મની રહસ્યમયતા બાકી રહી ગઈ છે. અધૂરા રહેલા લીલાનાટકની સમસ્યા ઊકલી નથી. વિશ્વનો નટવર છદ્મવેશમાં રહી જો હસી રહ્યો છે. માનવ મૂર્તિના ને નામના મહિમાની પાછળ અંતિમ ગુહ્ય ગુપ્ત રહેલું છે. એક મોટી શુભ્ર રેખા લક્ષ્ય બની છે, પણ તેનાથી દૂર—સુદૂર અવર્ણનીય પ્રભાકરના પ્રદેશો પ્રજ્વળી રહેલા છે. સર્વના પ્રભવ જેવું દેખાતું હતું તે તો હતું કેવળ દ્વાર, અનંતતામાં પ્રવેશાવતું છેલ્લું પગથિયું.

અકાળ પ્રતિ આંખ ઊઘડી છે, અનંતતાએ પોતે આપેલાં રૂપો પાછાં ખેંચી લીધાં છે. પ્રભુના અંધકારની ને એની નગ્ન જ્યોતિની અંદર થઈને વિકીર્ણ થયેલાં કોટિક કિરણો જ્યાંથી આવ્યાં હતાં તે સવિતામાં પ્રવેશવા પાછાં વળ્યાં છે.

પરમાત્માની એક શૂન્યાકાર સંજ્ઞા છે. નગ્ન ને નિસ્પંદ પ્રકૃતિ પ્રભુને પ્રકટ કરે છે. પ્રભુની પારાવાર શૂન્યતામાં સર્વ કાંઈ રહેલું છે. જીવને જકડતા વાધા જ્યારે વિદારાય છે ત્યારે તેનું અજ્ઞાન જ હણાય છે, જીવ પોતે હણાતો નથી. નર્યું નિર્વાણ પ્રભુનો અંતિમ શબ્દ નથી. નિર્વાણમાં સઘળું સમાયું નથી. સંપૂર્ણ નિઃશબ્દતામાં એક સંપૂર્ણ શકિત સૂતેલી છે. એ જ્યારે જાગે છે ત્યારે એ લયલીન જીવને જગાડે છે ને કિરણે કિરણે સવિતા પિતાને પ્રકટ કરે છે. એ શકિત સૃષ્ટિને પ્રભુના પ્રભાવનું પાત્ર બનાવ છે, માટીમાં પ્રભુના પૂર્ણ સ્વરૂપનું નિર્માણ કરી આપે છે. આત્માની મુકિત એ એક પ્રકાશમાન પગલું માત્ર છે. પોતાના સ્વરૂપનું અહીં પરિપૂર્ણ પ્રાક્ટય, એ પ્રભુની ઇચ્છા છે.

અશ્વપતિ આમ બ્રહ્માત્માની કિનાર પર ઊભો હતો ને એની અંદરનું બધું જ કોઈ એક નિરાકાર વિરાટમાં વિરમી જવાની તૈયારીમાં હતું તે સમે જે સાન્નિધ્યની એણે અભીપ્સા રાખી હતી તે ઓચિંતું એની સમીપ આવવા માંડયું. એ હતું એકદમ અદ્ભુત ને અતિમધુર, અનંત ને નિરપેક્ષ પૂર્ણતાનું સ્વરૂપ. મા જેમ બાળકને તેમ તેણે પ્રકૃતિ, જગત ને જીવ—એમ ત્રણેયને પોતાને હૈયે લીધાં. પ્રજ્ઞા, શકિત અને સંમુદાની એ સુંદર, સુખશર્મમયી સુમૂર્ત્તિએ અશ્વપતિના અંતરમાં પ્રવેશતો સુવર્ણમય માર્ગ રચ્યો અને એના દ્વારા સારા સચેતન ને સ્પૃહાવંત સંસારને સ્પર્શ-દાન દીધું.

સર્વસૌન્દર્યમયી માના એક ક્ષણના માધુર્યે જગતના મિથ્યાત્વને મિટાવી દીધું. અચેતન જગતમાં એક દિવ્ય હૃદયના ધબકારા અનુભવાયા. શ્વાસોચ્છ્વાસને એણે સુખમય બનાવી દીધા, સુખદુઃખમાં આધાર આપી ટકાવી રાખનાર પ્રેમ પ્રકટાવ્યો, પ્રભુની પરમા મુદાનું ગૂઢ રહસ્ય પકડી પાડયું, ને સૂર્યોના પરિશ્રમને સાર્થક બનાવી દીધો. પ્રભુની પાછળ પરમેશ્વરી-સ્વરૂપે એ માતૃશકિત વિરાજમાના રહેલી છે. બ્રહ્માંડને એણે પોતાની પાંખોમાં લીધેલું છે. પરાત્પરા આ ચિત્-શકિતએ પોતાનું આશ્ચર્યમય મુખ પ્રકાશમાં આણ્યું. એણે કોઈનોય ઇનકાર કર્યો નહિ. અશ્વપતિએ આ પરમાનંદમયી મહાશકિતનાં દર્શન કર્યાં.

એ હતી સકલ દેવોની માતા, સઘળાં તેજોની જનની. એ હતી અમર સત્ય, સંસારમાં સર્જાતા ને શમી જતા સર્વની સદાસ્થાયી શકિત. મધ્યસ્થા બની એ પૃથ્વીને પરમાત્મા સાથે સંયોજતી હતી. સૃષ્ટિનો કોયડો એક એ ઉકેલતી હતી. એણે અજ્ઞાનનો અંત આણ્યો, દુરિતોના દોર કાપ્યા, આસુરી અંતરાયો ઉખેડી નાખ્યા, પ્રજ્ઞાનને નજીકનું બનાવી દીધું. એના સાન્નિધ્યમાં જીવન ઉદ્દેશ વિનાના વિનિપાત જેવું લાગ્યું નહિ, આપણા જીવાત્માના જન્મનો અર્થ સ્પષ્ટ થયો, નિર્વાણ

જ એકમાત્ર મોક્ષ છે એવું હવે લાગ્યું નહિ. છૂપો શબ્દ મળી આવ્યો. બેશુમાર અવકાશોમાં એક હૃદયના ધબકારા અનુભવાયા. ઉજ્જવલ અધ્યાત્મ ઉત્સોમાંથી પ્રકટેલા પ્રેમે અજ્ઞાનના અગાધોમાં જે શોક ભર્યો હતો તેનો નાશ કર્યો. જગદંબાના અમૃત સ્મિતમાં વેદનાઓનો વિલય થઈ ગયો. પારના પરમ જીવને મૃત્યુ ઉપર વિજય મેળવ્યો. સર્વ કંઈ પ્રેમમય ને પ્રકાશમય બની જતાં પાપ નામેય આવવાને અસમર્થ બની ગયું.

અંબિકાના આ અદ્‌ભુત સ્વરૂપમાં અરૂપ અને સરૂપ સંયુક્ત થઈ ગયેલાં છે. પરિપૂર્ણ અનંત માના મુખમાં પ્રકટરૂપતા પામેલું છે. જન્મમરણ ને ભાગ્યનિર્માણ ઉપર એ અધીશ્વરી રૂપે વિરાજે છે. એક એને જ હાથે કાલનો કાલિય-પાયો બદલી શકાય છે. એ છે રાત્રિએ છુપાવી રાખેલી રહસ્યમયતા, એ છે સુવર્ણનો સેતુ, અદ્‌ભુત અગ્નિ, એ છે અજ્ઞાતનું ઓજસ્વી હૃદય, પ્રભુનાં ગહનોમાં રહેલું મૌનનું મહાબલ. એ છે શકિત, અમોઘ શબ્દ, ઊર્ધ્વે આકર્ષતું ચુંબક, આપણા સૂર્યો જેમાંથી પ્રકટે છે તે મહાસૂર્ય.

અખિલ પ્રકૃતિ એક એને જ મૂગો પોકાર કરી બોલાવે છે: કેમ કે એનો ચરણ-સ્પર્શ થતાં જીવનનું દુ:ખ દૂર થઈ જાય છે, માનવ જીવ ઉપરની સીલબંધી તૂટી પડે છે, વસ્તુમાત્રના બંધ હૃદયમાં ઊર્ધ્વનો અગ્નિ જાગી ઊઠે છે. એક દિવસ અહીંનું બધું જ એના માધુર્યનું મંગલ મંદિર બનશે, અહીંનાં વિરોધી તત્ત્વો ભગવતીની સૂરીલી સંવાદિતાએ સજ્જ થશે. માના આલિંગનમાં આપણાં દુ:ખ પરમાનંદમાં પલટાઈ જશે. મા ભગવતીની ચેતનામાં રૂપાંતર પામી આપણું જીવન ઊર્ધ્વમાં નિ:સીમ નીરવ નિ:શ્રેયસોનો ને નિમ્નમાં એના આશ્ચર્યકારી આશ્લેષનો અનુભવ કરશે.

વીજળીના ઝબકારાની જેમ અશ્વપતિને આ જણાઈ ગયું. એનો આત્મા જગદંબાની જ્વાળામાં ઝડપાઈ ગયો. હવે તો અંબિકા જ એને માટે સર્વ કાંઈ બની ગઈ. રાજાનાં સઘળાં લક્ષ્યો માની અંદર પરિસમાપ્ત થઈ ગયાં, ને પાછાં એની અંદરથી દિવ્યતર રૂપ ધારી એને પુન:પ્રાપ્ત થયાં. રાજાનો આખો આધાર એકત્ર થઈ માની ઉપર જ એકાગ્ર બની ગયો.

આ પ્રમાણે અનંત કાળમાં એક બીજ બોવાય છે, એક શબ્દ બોલાય છે ને પ્રકાશ પ્રદર્શાવાય છે, પળ દર્શન કરે છે ને એ દર્શનને આકાર આપવા માટે યુગો પરિશ્રમ કરે છે. આ પ્રમાણે જ અકાળમાંથી જગત ઝબૂકી નીકળ્યું છે. એક શાશ્વત ક્ષણ કાળનાં વર્ષોનું કારણ છે.

અશ્વપતિએ તો આરંભમાત્ર કર્યો હતો. એનો નાનો શો આરંભ મહિમાવંત અંત માગતો હતો. એના જીવનમાં હવે માનો આનંદ, માનું સૌન્દર્ય ને માનો મહિમા એ વસાવવા માગતો હતો. એની જાત કરતાં એનો આત્મા હવે અત્યંત બૃહત્ બની ગયો હતો, એનું હૃદય અમેયને માગતું હતું. એકલી પોતાની મુક્તિથી

એને સંતોષ થયો નહિ. માનો પ્રકાશ ને પરમાનંદ એણે પૃથ્વી માટે ને મનુષ્યમાત્ર માટે પ્રાર્થ્યા. પરંતુ માનવી શકિત ને પ્રેમ અજ્ઞાનની ને મરણની સીલ તોડવા સમર્થ નથી. પોતાની સ્વાભાવિક શકિત એને બચ્ચાના બળ જેવી જણાઈ. એમ હાથ ઊંચા કર્યે સ્વર્ગ પકડાતું નથી. પ્રકાશ આયાસથી કે વિચારથી આવતો નથી. એ તો મનના મૌનમાં પરમાત્મા પ્રવર્તે ને નીરવ બનેલા હૃદયમાં વણબોલ્યો શબ્દ સંભળાય ત્યારે મળે છે.

રાજાને માટે અસીમ આત્મસમર્પણ એકમાત્ર બળ બની ગયું. શિખરો પર રહેલી શકિતએ સૌ સાધવાનું છે. જીવનના વાસેલા આવાસમાં અમરોના ઉચ્છ્વાસ આણવાના છે, અંતવંતને અનંતથી ભરી દેવાનું છે. ના પાડતા સર્વને વિદારીને વધેરી નાખવાનું છે. જેને માટે આપણે જન્મ લીધો છે તે એક પ્રભુને ખાતર નાનાવિધ કામનાઓને કચરી નાખવાની છે.

અશ્વપતિ હવે એક મા ભગવતીના જ સાન્નિધ્ય માટે ને એની જ શકિત માટે ઝંખવા લાગ્યો. મહાભગવતી જ પોતાના જીવનમાં જીવંત બની જાય એવું પ્રાર્થવા લાગ્યો. માના પ્રેમને, માના સત્યને , માના આનંદને હમેશને માટે નીચે ઊતારી લાવવાની અભીપ્સા એનામાં ઉત્કટ બની.

અશ્વપતિનો મુકત બનેલો આત્મા હવે એકમાત્ર મા મહાભગવતીને ચરણે સર્વથા સમર્પાઈ ગયો.

સર્ગ ૩

# આત્માનું ધામ અને નવી સૃષ્ટિ

અત્યાર સુધીમાં રાજાએ જે કંઈ કર્યું હતું તેના કરતાં વધારે જબરજસ્ત કામ હજુ બાકી હતું. જેમાંથી બધું જ આવે છે, વિચારો પાછળ રહેલા સત્યનું જેને જ્ઞાન છે અને જે સર્વદર્શી દૃષ્ટિથી સચરાચરની રક્ષા કરી રહ્યું છે તેની તરફ એ વળ્યો. અંતરને એણે અચલ ને એકાગ્ર બનાવ્યું અને આશામય બની પ્રાર્થના આરંભી. પૃથ્વી ઉપર હજુ સુધી જોવામાં આવ્યું નથી એવું બળ એને જોઈતું હતું. મર્ત્યના સંકલ્પથી ક્યાંય બઢી જતી એક શક્તિની સહાય એ શોધતો હતો, અત્યારે માત્ર દૂરથી જ દેખાય છે એવા મહાસત્યની જ્યોતિ માટે એ ઝંખતો હતો. પોતાના આદિ પ્રભવમાંથી આવતા સમર્થનની એને આવશ્યકતા હતી. પરંતુ દિગ્મૂઢ કરી દેતા કૂટ ઉપરથી ઉત્તર ઊતરી આવ્યો નહિ. અચિત્‌નાં આંધળાં અઘોર ઊંડાણોએ અઠંગ અંતરાયથી એને આંતર્યો હતો. જીવનનાં ગહ્વરોમાંથી અજ્ઞાની 'ના' નીકળી. રાજાએ જોયું કે પોતાના અંતરમાંનું કંઈક રાત્રિને સહકાર આપતું હતું. પોતાના પાર્થિવ સ્વભાવમાંનું કંઈક હજીય અચિત્ સાથેની સગાઈ સાચવી રહ્યું હતું; ભૂતકાળ સાથેની તદાકારતા છુપાઈ રહી હતી; મનની ને આત્માની પસંદગી ઉપર અવચેતનના મર્મરાટોનો પ્રભાવ પડતો હતો. નીચેનાં તરકટી તત્ત્વો દગો દેવા લપસાવી દેતા દાણાની જેમ પથરાયાં હતાં, અને અંદર આવવા માગતા સત્યને ઠોકર ખવડાવી ગબડાવી દેવાની આશા રાખતાં હતાં. તેમાં પાછા પૂર્વના આદર્શોના અવાજો આપણે આપણી આકર્ષક અપૂર્ણતાઓ ને મીઠીમધ દુર્બળતાઓ ઉપર દયા દાખવવી જોઈએ એવી વકીલાત કરતા હતા.

અશ્વપતિએ હવે પ્રભુનો દ્રોહ કરનારાં આ સર્વ તત્ત્વોને શોધી શોધીને દેશ-નિકાલ કરવાનો સંકલ્પ કર્યો. સ્વભાવના ખૂણાખોચરાઓમાં ને ગુહાગહ્વરોમાં એ પાવક જ્વાલા લઈને પ્રવેશ્યો. ત્યાં મરી ગયા જેવાં જણાતાં જે જે અદિવ્ય તત્ત્વો લપાઈ રહ્યાં હતાં તે સર્વને એણે સાફ કર્યાં. કોઈ પામર પોકાર સત્યને વિકૃત ન બનાવી દે એ માટે કઠોર બનીને કામનાને એણે એના લોહીલુહાણ મૂળમાંથી ઉખેડી નાખી, ને એનું ખાલી થયેલું સ્થાન દેવોને સમર્પ્યું. એનો અંતરાત્મા મહાસાગરની માફક ઊછળીને આગળ આવ્યો ને એના તન મન ઉપર ફરી વળ્યો. બૃહદ્ બ્રહ્માંડને બાથમાં લેવા એનો આત્માય બૃહદાકાર બની ગયો. એનું બાહ્ય સ્વરૂપ તેમ જ આંતર સ્વરૂપ એકાકાર બની ગયાં, ને એ એકાકારતા પર અંતર્યામીનું સામ્રાજ્ય

સ્થપાઈ ગયું.

એને પ્રાપ્ત થયેલી આ એકસ્વરૂપતામાં એના ચિદાત્માની અંદર અન્ય સર્વે ચિદાત્માઓનો, મનની અંદર અન્ય સર્વે મનોનો સમાવેશ થઈ ગયો. ને એથી આગળ વધીને એનું શરીર ને માંસમજ્જા સુધ્ધાં સર્વનાં શરીર ને માંસમજ્જા સાથે એકતામાં આવી ગયાં. સર્વનાં સુખદુ:ખ એનાં પોતાનાં બની ગયાં. એની સાત્ત્વિક સહાનુભૂતિ વિશ્વવ્યાપી બની પરમાત્માથી પુલકિત થવા લાગી.

અશ્વપતિમાં હવે આત્માની ને પ્રકૃતિની એકતા સ્થપાઈ ગઈ, જગત અને જગદીશ્વર વચ્ચે આડો અંતરાય રહ્યો નહીં; એના પામર સ્વરૂપની છેલ્લી નામ-નિશાનીય ભૂંસાઈ ગઈ; બ્રહ્મસ્વરૂપ સાથેના તાદાત્મ્યમાં એ સ્વરૂપ અદૃશ્ય થઈ ગયું. એનો સ્વભાવ હવે સર્વમયનું કાર્યક્ષેત્ર બની ગયો. **सोऽहम्** ની એને સિદ્ધિ મળી. એનું માનવસ્વરૂપ પોતાને સર્વસ્વરૂપનો પ્રતિનિધિ સમજતું ને એ હવે પરમાત્મા સાથે સંયોગ પામવા પાછું વળ્યું હતું. રાજાનું હૃદય દેવોના હૃદય સમાન ધબકતું થઈ ગયું; એનું મન જાણતા સત્યમાં શમી ગયું; એનું જીવન વિશ્વના જીવનનો પ્રવાહ બની ગયું. વિશ્વ પારના આરોહણની ને વિશ્વોદ્ધારક અવતરણની વાટ જોતો અશ્વપતિ કૃતાર્થતાની સીમાએ પહોંચી ગયો.

એક ભવ્ય દીપ્તિ એની ઉપર ઝૂકી. એની આસપાસ અદ્ભુત આવિષ્કારો ને વિમલ વિસ્તારો વીંટળાઈ વળ્યા. દૂરની અનંતતાઓ અંતિકમાં આવી. વિચાર વિરમી ગયો. પ્રકૃતિનાં પ્રેરણો અટકી પડ્યાં. એનો એકલમલ સંકલ્પ નિસ્પંદ બની ગયો. અમૃતત્વે નીચે મીટ માંડી ને પ્રાણ પ્રશાંત બની ગયા. પરમાત્મદેવના વરદ હસ્ત એનાં અંગો પર ઠર્યા ને ત્યાં બ્રહ્મની બૃહત્તાની મુદ્રા મારી, અનંતતાએ એને અસીમ સમાધિલયમાં લઈ લીધો.

ઉપર અગાધ ને આસપાસ અજ્ઞાત, એવી અવસ્થામાં પ્રભુનાં શ્વસનો લેતા અશ્વપતિના આત્માએ તારકમંડળનો મહાલ–દિગ્દેશ છોડ્યો. અંતરતર વિરાટ વિસ્તારોમાં પ્રવેશ કરી એ સર્વજ્ઞ સુષુપ્તિમાં સર્યો. વિચાર ને વાણીનું ક્ષેત્ર વટાવીને એ દૃષ્ટિની પહોંચ પાર પહોંચ્યો. ઊર્ધ્વની જ્યોતિનાં ગહનોમાં એ અદૃશ્ય થઈ ગયો, શૂન્યમાં સંચર્યો, અમેયમાં એકલવાયો બની ગયો, સત્ બન્યો, અસત્ બન્યો ને સદસત્ બની પોતાના સનાતન પ્રભવસ્થાને સ્થિત થયો. શોકશૂન્ય એ મહોત્તુંગ પર કોઈ ઊડતો સ્વર સંભળાતો નથી, અવિચલ આત્માનો મૌન માતરિશ્વા ત્યાં વ્યાપેલો રહે છે. નથી ત્યાં આદિ કે અંત. કલ્પોનો કામદાર ત્યાં સદારામે ઢળેલો છે. ત્યાં સૃષ્ટિ નથી, દૈવસંચાલિત યંત્ર નથી, શુભાશુભનો સહચાર નથી, પ્રેમના જ હૃદયમાં ચાલતો સંઘર્ષ નથી. નથી ત્યાં જીવનના અખતરાનું જોખમ કે નથી મનોમયમાં ખેલાતાં દેવોનાં દેવન. સપાટી પર જોવામાં આવતાં ત્યાં છાયા-પ્રકાશનાં છમકલાં નથી, ત્યાં છે કેવળ બ્રહ્મની નિશ્ચલ શાંતિનું સામ્રાજ્ય, સર્વજ્ઞ ને સર્વશક્તિમાન શાંતિની સત્તા. સત્ય ત્યાં સત્યની સામે સંગ્રામ કરતું નથી,

ધર્મની સામે ધર્મ ધિંગાણે ચઢતો નથી. શાશ્વતીના સંરક્ષકો ત્યાં સત્યના મૂલાધાર પર ઋતધર્મને અવિચળ સાચવી રાખે છે. સદારામમાં રહેલી પ્રકૃતિ ત્યાં પોતાના પ્રભવને જાણે છે. સાક્ષી પુરુષ અખંડ સમધારણાએ કૃત-કર્મને નિહાળે છે ને સૃષ્ટિનાં વમળોમાં પડયા વિના સનાતન શિખરો સેવે છે.

સર્વદર્શનસંપન્ન બ્રહ્માત્માના સાથમાં અશ્વપતિ ત્યાં અવસ્થિત થયો. વિચારથી મર્યાદિત નહિ એવું મન, દિક્-કાળમાંય માય નહિ એવો પ્રાણ, કાળના કલન વિનાનો સીમામુકત ચૈત્યાત્મા—એવો એ બની ગયો. અજન્મા ને અમર આત્મસ્વરૂપે એ અનંતતાનાં સત્રોમાં સામેલ થયો. વિશ્વના વિરાવ ઉપર આદિ એકાંતતા ઊતરી, નિસર્ગ વસ્તી વગરનો બની ગયો. એક ચક્રાવર્તી ઘડી માટે જગતમાં ચુપકીદી વ્યાપી ગઈ. એણે નીચે છોડેલું જગત ચાલતું તો હતું, તોપણ અશ્વપતિને માટે એ અનાત્મ સ્વપ્નની માફક સમાપ્ત થઈ ગયું હતું. ઉપરનો કોઈ સ્વર નીચે કે નીચેનો કોઈ સ્વર ઉપર આવતો નહિ. દેવોના જન્મ-પૂર્વની નરી નીરવતા અમલ ચલાવી રહી હતી. એક વિશ્વશકિત વિશ્વેશ્વરના આખરી આદેશની વાટ ચૂપચાપ જોઈ રહી હતી.

ત્યાર પછી રાજાની દૃષ્ટિ ઓચિંતી નીચેની તરફ વળી. ત્યાં વિશ્વહૃદયમાં વિસ્તૃત વ્યાપેલી એક જીવંત એકતા એણે જોઈ, ને એના દ્વારા એ અસંખ્યાત સમૂહો સાથે સંયોગમાં આવી ગયો. એક મહાસુખે, મહસે, શકિતએ અને અર્ચિષ્માન પ્રેમે એકસામટા સર્વને આશ્લેષમાં લઈ લીધા. સર્વે એકમેકના આત્માઓ હતા. એકાત્મકતાના ધબકારા વિશ્વની સંવાદિતા બન્યા હતા. અખિલ મન અનેકતારી એક સિતારી હતું. અખિલ જીવન મિલન પામેલાં બહુ જીવનોનું સંગીત હતું; કેમ કે જગતો અનેક હતાં, છતાં તે સર્વેનો આત્મા તો કેવળ એક જ હતો. આ જ્ઞાન એક જગતનું બીજ બન્યું ને એમાંથી એક આશ્ચર્યજનક સર્જન સમુદ્ભવ્યું.

આ નવા જગતમાં અણગણ રૂપોમાં રમમાણ એકતાના અંતરમાં નિખિલનો નિવાસ હતો. આત્મા ત્યાં અબદ્ધ હતો, અહંભાવનું અસ્તિત્વ નહોતું. શિવ-મંગળનાં બળો કાળને અકાળ શું જોડી દેતાં. અધ્યાત્મ અંકોડાથી એકેએક એકાત્મા જોડે જોડાઈ ગયો હતો. પ્રત્યેક અનોખો હોવા છતાં સર્વનાં જીવનો તે પોતાનાં જ સમજતો. કોઈ કોઈથી અળગું નહોતું. કોઈ જાત માટે જ જીવતું નહીં. પ્રત્યેક પોતાની અંદરના પ્રભુ માટે જ જીવતું. પ્રત્યેકમાં સમષ્ટિ સમાયેલી હતી. ભેદ ત્યાં એકતાની હસતી રમતનું રૂપ લેતો. એક અદ્વિતીયના અંશો રૂપે વ્યકિતસ્વરૂપો વિલસતાં, છતાંય એ સઘળાં આત્માના પૂર્ણાંકો હતાં.

લીલાનીય લીલા આમ છેલ્લી હદ સુધી ચાલતી, ને એમાં દિવ્ય આત્મ-વિલોપન દ્વારા આત્માની પૂર્ણ પ્રાપ્તિ થતી, એકતાનો અનુપમ આનંદ ઊછળીને બહાર આવતો : પરમાત્માનો સર્વસામાન્ય અનુભવ આમ ત્યાં સર્વને સંપ્રાપ્ત થતો.

સમસ્ત પ્રકૃતિ ત્યાં પ્રભુના મોખરા રૂપે રહેલી હતી. જ્ઞાનનું કાર્ય આપોઆપ ચાલતું, પૂર્ણ પ્રકાશ પ્રકટ થતો, પ્રમાણભૂત સત્ય અંતરમાંથી સ્ફુરતું, મૌનના હૃદય-માંથી હાસ્ય ઊછળી આવતું, શાંત અવકાશમાં સૌન્દર્ય લહેરિયાં લેતું, કાળના અગાધ અંતરમાં પ્રજ્ઞા પ્રકાશતી; સર્વ ત્યાં આત્મીય ભાવે પરસ્પર લયમેળમાં રહેતું.

આ નવાં ભુવનોમાં પ્રક્ષિપ્ત થયેલો રાજા વિશ્વદૃષ્ટિનો અંશ બની ગયો. સર્વમાં વસતા પ્રકાશે એને પોતાનું સ્થાનક બનાવ્યું. શાંતિના સાગરની લહરીનું રૂપ એણે લીધું. અનુસંધાનમાં આવતાં અનેકાનેક મનોને એનું મન પ્રત્યુત્તર આપતું હતું; એના શબ્દો વિશ્વની વાણીના અક્ષરોના બનેલા હતા; એનું જીવન જગતની ગતિનું ક્ષેત્ર બની ગયું હતું. એક જ લક્ષ્ય પ્રત્યે તાલમેળમાં કદમ ઉપાડતા કરોડો સંકલ્પોનાં પગલાં એને કાને પડતાં હતાં. એનાં અંગોમાં અખંડિત આનંદની શાંત લહરીઓ વ્યાપી હતી. એક છે એવી કોટાનકોટિની મહાસંમુદા એનામાં મહાલવા લાગી ગઈ.

પૂર્ણતાનો ધર્મ પ્રકટ થયો. રાજાએ જોયું કે ભાસ્વંત ભૂમિકાઓની પરંપરા પ્રભુના ઉચ્ચોચ્ચ રાજ્ય દ્વારા અપાયેલી જાગીરો હતી. એ પ્રત્યેક હતી પ્રસન્નતાપૂર્ણ, સૌન્દર્યસંપન્ન ને પૂર્ણતાનું ધામ. એ સર્વે પરસ્પર સહાયમાં પોતાની પાસે જે હતું તે આપતી, છતાં એમનું કશું ઓછું થઈ જતું નહિ. આદાનપ્રદાનથી એ સર્વે વૃદ્ધિ પામતી, પરસ્પરની પૂર્તિરૂપ બનતી ને ભિન્નતા હોવા છતાં એકબીજા સાથે સંલગ્ન રહેતી. એક ને સર્વસ્વરૂપ અન્યોન્ય માટે આસ્પૃહા રાખતા; બહુસ્વરૂપ એકસ્વરૂપ પ્રત્યે પાછો વળીને મીટ માંડતો હોય છે. દિવ્ય સત્યોને રૂપ આપવા માગતો આનંદ સાક્ષી આત્મા ઉપર અનિર્વચનીયનાં પ્રતીકોનો પ્રકાશ નાખે છે. રંગરંગ એ રૂપો પરમેશ્વરના પાસાદાર કાચના જેવાં જણાય છે. પ્રભુનું સૌન્દર્ય, સામર્થ્ય અને સૃષ્ટિના કારણરૂપ આનંદ ત્યાં હોય છે. એક સુવિશાળ સત્યચૈતન્ય એક દિવ્ય બાલ-હૃદયને એનું અર્પણ કરે છે ને એ હૃદય હર્ષનું હાસ્ય કરી ઊઠે છે.

આત્માની ઉજ્જ્વલ તટસ્થતા ચમત્કારોની ક્રીડાભૂમિ બની ગઈ છે. ગૂઢ અકાલની ગુપ્ત શકિતઓ ત્યાં સંકેતથી મળે છે. દિગ્દેશને એણે પ્રભુનો આશ્ચર્યભર્યો આવાસ બનાવ્યો છે. અહીં પ્રભુના પ્રેમનું ને પ્રભાવનું સૌન્દર્ય એક મોહક મુખ બની પ્રકટ થયું. સનાતની દેવી વિશ્વરૂપ નિજાવાસમાં આવી, ને મા જેમ બાળક સાથે તેમ પ્રભુ સાથે રમવા લાગી. અમર સત્યો આ બાળકનાં રમકડાં છે, માનું પ્રેમનું હૃદય એનું વિશ્વ છે.

અહીં આત્મનાશ પામેલાંઓને ત્યાં પોતાનું દિવ્ય સ્થાન પ્રાપ્ત થાય છે, સ્વભાવની હ્રાસ પામેલી શકિતઓ ત્યાં પોતાની પૂર્ણત્વની સ્થિતિમાં પ્રવર્તતી હોય છે. ત્યાં પરમાત્માનાં પ્રાણવાન સ્વરૂપોએ સ્વભાવને ભરી દીધો હોય છે. વાણી ત્યાં અનિર્વચનીયનો ઉચ્ચાર હોય છે, રશ્મિ દ્વારા ત્યાં અદૃશ્ય સાન્નિધ્યોનાં દર્શન થાય છે, શબ્દ સ્વર્ગીય અનુભવ કરાવે છે, ભાવનાઓમાં ત્યાં સંકુલ સ્વરૂપે અનંત વિરાજમાન હોય છે. ત્યાં વિચારને અધીન સંકલ્પ ને સંકલ્પને અધીન કર્મ રહે છે.

સનાતનનો સમાગમ કાળને ત્યાં દિવ્ય બનાવી દે છે.

જીવનને ત્યાં અશ્રાંત લીલાઓનું ક્ષેત્ર મળેલું છે. એના હૃદયમાં આનંદ ને હોઠ પર હાસ્ય ઉલ્લસે છે. વિધવિધ પ્રકારનાં સ્વર્ગીય સંમુદાનાં નાટક એ ત્યાં ભજવ્યે જ જાય છે. વિશ્વાનંદનું એ ત્યાં જીવતું કાવ્ય બની ગયેલું હોય છે. અર્થ ને ભાવથી ભરેલાં રૂપોનો ચિત્રપટ એ ત્યાં ઉઘાડતું જ રહે છે. આત્મા ત્યાં આત્મા માટેની ઉત્સાહી શોધ બનેલો છે. જડદ્રવ્ય ત્યાં આત્માની સઘન અવસ્થા છે. ઇન્દ્રિયો આત્માને બહાર આવવા માટેનાં બારણાં છે. પદાર્થ ત્યાં એક રણત્કાર કરતી વીણા છે, બ્રહ્માત્માની વિદ્યુતોને ઝાલી લેવા માટેની જાળ છે, ને પ્રેમનું ચુંબક બની પ્રભુને એ પાસે ખેંચી લાવે છે. ત્યાંની નક્કરતાની બનાવટ અનોખી છે; સુખશર્મ માટેનો એ મંચ છે. આત્માના આત્માને અર્પયેલા આશ્લેષને એ દીર્ઘકાલીન બનાવી દે છે. અહીં જે આવે છે ને જાય છે તે ત્યાં અમર રૂપે રહેલું છે. અધ્યાત્મ જ્યોતિના આકાર આપતા સ્પર્શથી જડદ્રવ્ય ગૌરવશાળી સૌન્દર્યનું ને સૂક્ષ્મ સંવાદિતાનું સ્વરૂપ ધારણ કરતું. એની ઘડીઓ સનાતન ધર્મની ઘોષણા કરતી. કાળ ત્યાં શાશ્વતતાનો પારદર્શક પહેરવેશ છે. આત્માની સજીવન શિલાને ઘાટમાં ઘડતો શિલ્પી પ્રપંચ અનંતતાના સાગરને કાંઠે સત્યની વાસ્તવિકતાનું ગ્રીષ્મગૃહ ઊભું કરે છે.

આ આધ્યાત્મિક અવસ્થાઓના મહિમાની વિરુદ્ધમાં એમને સમાન્તર રહી જે એમનાથી વિપરીત છે તે તરતાં ને તરંગાતાં હતાં, પોતાનો પ્રભાવ પાડતાં ને છાયાગ્રસ્ત કરી દેતાં હતાં. બે મોટા ઇનકારો આ બીજી આયોજનામાં રહેલા હતા: પોતાની અંદર છે તે આત્માને ન જાણતું જગત પોતાનાં કારણ ને અસ્તિત્વની આવશ્યકતા શોધવા મથે છે ને બીજી બાજુ પોતે જેને અસ્તિત્વમાં આણ્યું છે તે જગતને ન જાણતો આત્મા પ્રકટ થવા, મુક્ત થવા, જાણવા ને સત્તા ચલાવવા પ્રયાસ કરે છે. એક વિસંવાદિતામાં પોતે ગાઢ-ગ્રથિત હોવા છતાં આ બન્નેના માર્ગો એકબીજાથી તદ્દન અલગ છે. ત્રણ શક્તિઓ એમની અયુક્તિક ગતિનું સંચાલન કરે છે: આરંભમાં એક અજ્ઞાન ઓજ, મધ્યમાં દેહધારી બનેલો મથતો જીવ, અને અંતમાં જીવનને નકારતો નીરવ આત્મા.

વચમાં એક મંદ ને અમંગલ પ્રસંગ આવી જાય છે. એક અજ્ઞાન શક્તિ શંકાશીલ મન આગળ સંદિગ્ધ સત્ય પ્રકટ કરે છે ને એને એક પાઠ ભજવવાની ફરજ પાડે છે. અવશ્યંભાવિતા ને યદૃચ્છાના સંયોગથી રાત્રિના ગર્ભમાંથી જન્મેલી અચિત્‌ની રહસ્યમયી યોજના ને પ્રકટ થયેલા જીવની સમસ્યાની અધૂરી કથા એ મન પાસે તે શક્તિ નોંધાવડાવે છે.

અજ્ઞાનનો અંધકાર આપણા ઉદાત્તતર ભાવિને છુપાવી રાખે છે. કોશેટા જેવું રૂપ લઈ એ મહાન ને મહિમાવાન સત્યને પોતાની અંદર બંદી બનાવી રાખે છે, કે રખે ને અંદરનો પાંખાળો ચમત્કાર અસમયે બહાર નીકળી જાય ને પોતાના સૌન્દર્યને નિરાકાર વિરાટમાં વેડફી મારે, કે રખે ને એ અજ્ઞેયની ગૂઢતામાં ગરક

થઈ જાય ને જગતનું દૈવી ભાવિ સિદ્ધ કર્યા વિના જગતનો ત્યાગ કરો દે.

આજ સુધી માત્ર ભ્રમણા મનાતી એક નવી સૃષ્ટિ જૂનીમાંથી જન્મ પામશે, વાચા વિનાના જ્ઞાનને વાચા આવશે, સ્વર્ગના સુમનની સુપ્રફુલ્લતા ધારણ કરી સૌન્દર્ય ખીલશે, સુખદુ:ખ એક આનંદમાં વિલીન થઈ જશે, પરમાત્મચેતના પૃથ્વી ઉપર સચેતન બનશે ને કાળના નૃત્યમાં સનાતનની આશ્ચર્યમયતાઓ જોડાઈ જશે.

પણ અશ્વપતિ અત્યારે તો એ જગતને એક ઓજ:શકિતથી આધારિત અને વ્યર્થ વૈભવોથી ભરેલું જોતો હતો. ત્યાં ચેતનાની એક ધાર પર આત્માના કોચલા જેવું પોતાનું ભંગુર શરીર એને દેખાયું. ગૂઢ પ્રકારની એક નિદ્રાવસ્થામાં એ પડેલું હતું. અશ્વપતિને એ એક અજાણી આકૃતિ જેવું, કલ્પનાપ્રદેશની એક છાયા જેવું જણાતું હતું, ને દૂરસ્થ છાયાગ્રસ્ત જગત કોઈ વિદેશીય વસ્તુ હોય એવું લાગતું હતું. આત્મા અને શાશ્વતી, એ બે જ માત્ર સાચાં લાગતાં હતાં તે વારે મથામણોમાં મચેલી ભૂમિકાઓમાંથી એક સ્મૃતિ આરોહીને એની પાસે આવી ને આવેલા સાદને ગૂઢમાં રહેલા પરમાત્માના એક કિરણે ઉત્તર આપ્યો. ત્યાંય એકતાના અણસીમ આત્માનો નિવાસ છે; એને લીધે જ સર્વ કાંઈ ટકી રહેલું છે. એણે જ પોતાની દિવ્યતાનું બલિદાન દઈ, પોતાની સર્વજ્ઞતાને અને સર્વશકિતમત્તાને છુપાવી રાખી સ્ખલનનો, દુ:ખશોકનો અને મૃત્યુનો સ્વીકાર કર્યો છે.

અશ્વપતિને પોતાના સત્ય સ્વરૂપનું ભાન હતું. એનો આત્મા પૃથ્વીલોકમાં શા માટે અવતાર લઈને આવ્યો હતો તેનું એને જ્ઞાન હતું. પોતાનાં બે સ્વરૂપ હતાં: એક સ્વરૂપે એ ઊર્ધ્વમાં બૃહત્ અને મુકત હતો, બીજે સ્વરૂપે એ મથતો, બદ્ધ, તીવ્ર ભાવના સેવતો અહીંનો જીવ હતો. આ બન્ને સ્વરૂપોના સંયોગથી બે ભુવનો વચ્ચે સેતુબંધની શકયતા ઊભી થતી હતી.

અત્યારેય એનું બધું જ કંઈ અસીમ ચુપકીદીમાં સમાપ્ત થઈ ગયું નહોતું. દૂર નીચે કયાંક એનું હૃદય રહેલું હતું. રાત્રિના અંધકારમાં ત્યાં એ એક પ્રદીપ જેવું દેખાતું ’તું. એ હતું ભાવાવેશે ભરેલું, જીવંત આહુતિમાં અર્પાયેલું, ગહન ભકિત-ભાવમાં નિમગ્ન ને સુદૂરના પરમ પ્રેમની ને પ્રકાશની પ્રત્યે વળેલું. ઊંડાણોમાંથી એ નીકળી શકતું નહોતું, ત્યાં રહી એ ઝંખના કરતું રહેતું. પ્રભુના દિનની ને રાત્રિની વચ્ચે રહેલું એ અંતરની આરાધનાને જ પરમ ધર્મ રૂપ પ્રમાણતું, પરમાનંદને જ વસ્તુમાત્રનું મૂળ કારણ માનતું, બીજું કોઈ જેમાં ભાગીદાર બની શકતું નથી એવા સ્વાર્થકઠોર મહાસુખનો અસ્વીકાર કરતું, શાંતિ માટે જ જે શાંતિ હતી તેની ના પાડતું, પોતે જેનું બની જવાની ઝંખના કરતું હતું તે જગદંબા તરફ વળ્યું. કોઈ અદૃશ્ય સાન્નિધ્ય જયાં પ્રાર્થના કરી રહ્યું હોય એવું એક પ્રાર્થનામંદિર પોતે બની ગયું. પૃથ્વી ને પૃથ્વીના માનવો માટે મહામાતા પધારે એવી પ્રાર્થના વાટ જોઈ રહી હતી. ને હવે એની ઘડી આવી. નિર્વાણે ઊંડી આગ બુઝાવી નહોતી, વિચાર મરી ગયો હતો છતાં એનું બળ અનામત રહ્યું હતું ને વળી વૃદ્ધિ પામતું

હતું. અજ્ઞાત પ્રતિ એણે અરવ પ્રાર્થના પાઠવી. પોતે જેની આશા રાખી હતી તેનાં પગલાંનો અવાજ સુણવા એણે કાન માંડયા. નિસ્પંદ આત્મામાં થઈને આવતા પરમાત્માના આદેશશબ્દની એ રાહ જોવા લાગ્યું.

# દર્શન અને વરદાન

પછી તો એક પવિત્ર હલનચલન ઓચિંતું આરંભાયું. કાન માંડી રહેલા ચૈત્યાત્માએ શૂન્યની નીરવતામાં એક પ્રેમલ પદરવ સાંભળ્યો. એક સ્પર્શે એના સ્વભાવને ક્ષુબ્ધ બનાવી દીધો. એક અસીમ હૃદય અશ્વપતિના ઝંખતા હૃદયની સમીપ આવ્યું. એક ગુહ્ય સ્વરૂપ રાજાના સ્થૂલ દેહ ફરતું વીંટળાઈ વળ્યું. એની સાથે એક બની જઈ અશ્વપતિના આત્માએ અને શરીરે રોમહર્ષ અનુભવ્યો. રાજા પોતે પરમાનંદમાં નિમગ્ન બની ગયો.

ભગવતી દેવીને સ્પર્શે મૌનની મુદ્રા તૂટી. પોતે જેને આરાધતો હતો તે મહાદેવીએ રાજાના અંતરમાં પ્રવેશ કર્યો, ને એનો આખોયે આત્મા પ્રાર્થનામય બની માની પ્રત્યે ઊમટયો. માના મંગલમય મુખનાં દર્શન થયાં. માની દૃષ્ટિ અશ્વપતિની આંખો સામે મંડાઈ ને એણે ત્યાં આગામી દેવને દીઠો. અંતરના આવાસમાંથી માએ સત્યજ્ઞાનનાં વચનો આરંભ્યાં:

"ઓ શકિતના સપૂત! તું હવે સૃષ્ટિનાં શિખરોએ આરૂઢ થયો છે સનાતનનાં દ્વાર આગળ તું એકાકી ઊભો છે. તેં જે સર કર્યું છે તે તારું પોતાનું જાણ, પણ એથી અધિક માટે માગણી કરતો નહિ. અજ્ઞાનના પંજરમાં રહી અભીપ્સા કરતા ઓ આત્મા! અચિત્‌માંથી ઉદ્‌ભવેલા ઓ અવાજ! મૂક હૃદયનાં માણસો માટે તું શી રીતે બોલશે? અંધ ધરાને આત્માની દેખતી દૃષ્ટિનું ધામ તું શી રીતે બનાવશે? ચેતનરહિત ભૂમિનો ભાર તું શી રીતે હળવો કરશે?

હું છું મનની પહોંચ પારની ગુહ્યતા. સૂર્યોના મહાપરિશ્રમનું લક્ષ્ય હું છું. મારો અગ્નિ ને મારું માધુર્ય જીવનનું મૂળ કારણ છે. મારો આનંદ અપાર છે, પણ હું છું ખતરનાક. મને અમેયને નીચે ઉતારતો નહિ. મારું ગુપ્ત નામ વિરોધી કાળ આગળ ઉચ્ચારતો નહિ. મનુષ્ય છેક દુર્બલ છે, તે અનંતનો ભાર સહી શકશે નહિ. અસમયે જન્મેલા સત્યથી અપૂર્ણ પૃથ્વી ભાંગી પડશે. સર્વેશ્વરની શકિત સઘળું જુએ છે ને જાણે છે; એને એનો માર્ગ કાપી કાઢવા દે. તું એક ને અનોખો રહી મહાસિદ્ધિનો મહારાજ બની વિરાજ ને તારા એકલવાયા જીવનથી જગતને સહાય કર. તું અચલાયતનમાં ને એકમાત્રમાં વિલય પામી જાય ને ભુવનોના મહામથનોમાંથી બહાર નીકળી જઈ નિજાનંદમાં જ લીન રહે, તે હું ચાહતી નથી. પૃથ્વી ઉપરનું મૃત્યુ ન જિતાયું હોય ને કાળના રાજ્યમાં રહેલું દુ:ખ દૂર ન થયું હોય ત્યાં સુધી તારો મહાન આત્મા શી રીતે આરામમાં આળોટશે? તારો આત્મા

તો જગતોની જબરજસ્ત જવાબદારીઓના કઠિન કાર્યમાં ભાગ પડાવવાને માટે આવ્યો છે. તો તું તારું નિર્માણ પાર પાડ, દેવો સેવે છે તેમ મુશ્કેલીઓ ને મહેનત-મજૂરીઓ સેવ. વિશ્વની ધીરી સર્વજ્ઞ વિધિને માટે જીવ.

મનુષ્યજાતિમાં એક મોટા કોયડાની ગાંઠ બંધાયેલી છે. વિચાર ને આયોજનો કરનારા મનનાં શિખરો પરથી ઝબકતી વીજની માફક મનુષ્ય નીચે ઊતરી આવ્યો છે. આ અચેતન જગતમાં એક એ જ સચેતન ને જાગ્રત છે ને એ વિશ્વમય સ્વપ્નને બદલી નાખવાની મોઘ અભિલાષા રાખે છે. વેરાન અવકાશમાં એના તંબૂ તણાયા છે. પ્રકૃતિનો એ પરેશાન કરતો મહેમાન છે. અજ્ઞાત ને આકર્ષક શકિતઓ માટેની એની શોધ છે. દૂરની નિગૂઢ જ્યોતિઓ માટે એ યાયાવર જીવન ગાળે છે. વિશ્વના વિશાળ માર્ગો પરનો એ પ્રભુનો સ્ફુલિંગ છે.

પરંતુ એની પ્રભુ પ્રતિની યાત્રાનો માર્ગ અવરોધતો એક આસુરી પ્રભાવ આડે ઊભો છે; નિર્ઘૃણ શૂન્ય એને ગળી જવા માગે છે; નિત્યનો અંધકાર એનો ગ્રાસ કરવાને આગળ આવે છે; સમજી ન શકાય એવાં બળો એને છળે છે ને બેળે હંકારે છે; ઘોર દૈત્ય સ્વરૂપો એની સામે પડયાં છે. જગતના કાળા પાતાળપાયાએ એક વ્યાલ આવેલો છે ને એ દૈવયોગનો ને મૃત્યુનો નિયમ રક્ષતો રહે છે. આત્માનું અવસાન આણતો એક કૂટ પ્રશ્ન કરતી ઘોર ગર્તની નારસિંહી મૂર્ત્તિ (સ્ફિંક્સ) વેરાનમાં પંજા પાથરી વાટ જુએ છે. માણસ કાળનો શિકાર બનેલો છે. પશુ ને અર્ધ-દેવ વચ્ચે રહી એ અંકોડાનું કામ કરે છે. એને પોતાના મહિમાનું ભાન નથી. પોતાનું શું લક્ષ્ય છે તે એ જાણતો નથી. પોતે આ લોકમાં કયાંથી આવ્યો છે ને શા માટે, તે એ ભૂલી ગયો છે. એના આત્માની ને સ્વભાવની વચ્ચે લડાઈ ચાલે છે. પાશવતાના પંકમાં એ ખૂંપેલો છે. એ ઊંચે ચડે છે ખરો, પણ થોડેક ચડીને એ અટકી પડે છે. એનો સ્વભાવ એટલે પરસ્પર વિરોધી વિચિત્ર વસ્તુઓનું અરાજક રાજ્ય. એ મુકિત, પ્રકાશ ને પ્રહર્ષ માગે છે, પણ એમનાથી જે વિપરીત છે તેના વગર એને ચાલતું નથી. મહત્તર જીવન માટે એને મૃત્યુની જરૂર રહે છે. એનું જીવન આંધળાના ગોળીબાર જેવું છે. સ્વરૂપને શોધતો એ સ્વરૂપથી ભાગે છે, ને એનો ભેટો થાય છે ત્યારે એ પોતે નથી એવું ધારે છે. એની યાત્રા હમેશ ચાલતી રહે છે, પણ એ કયાંય પહોંચતો નથી. આત્માને એ બચાવવા માગે છે પણ પોતાના જીવનને એ બચાવી શકતો નથી. પોતાના વિચારની છાયાને એ સૂર્ય માની લે છે. કદી એણે સત્યજ્ઞાનનું મુખ જોયું નથી. પોતે જે નથી તે એને થવું પડે છે. આત્માની સિદ્ધિ માટે એને અચિત્‌માં ઊતરવું પડે છે. પૃથ્વી ને સ્વર્ગ વચ્ચે એનું મન સમાધાન સાધી શકતું નથી. જડદ્રવ્ય શું એ બંધાયેલો હોવા છતાં એ ચૈતન્યશાળી દેવ બનવા પોતાને ઊંચે ચડાવે છે. ઘણું ઘણું પ્રાપ્ત કર્યા પછી પણ એનું જીવન તો પામરોને માર્ગે જ પગલાં માંડતું રહે છે.

એનામાં ગૂઢ શકિતઓ ભરેલી છે, પણ એનો આત્મા એમનાથી વંચિત બની

ગયેલો હોય છે. એનું જગત છેવટે તો જ્યાંનું ત્યાં જ એને છોડવું પડે છે. એ કામ તો ઘણું ઘણું કરતો હોય છે, પણ એને પૂર્ણાહુતિએ પહોંચાડ્યા પહેલાં એ એનું સ્વર્ગીય પારિતોષિક માગે છે. એની ભાગ્યસિદ્ધિને માર્ગે ચડ્યા પછીય અધવચ એ અટકી પડે છે. એનામાં નિષ્ફળ નીવડેલું દૈવત બીજરૂપે પોઢેલું પડી રહ્યું છે. આત્મા પોતે જ રચેલાં રૂપોમાં અટવાઈ ગયો હોય છે.

પરંતુ આ તો માત્ર દેખીતું છે; કેમ કે પ્રભુ જેનો નેતા છે તેની નિષ્ફળતા નિષ્ફળતા નથી; પ્રભુ પોતે જ્યાં પથદર્શક છે ત્યાં કશું જ એળે જતું નથી. વિશ્વ અંતહીન યાત્રાએ નીકળેલું છે ને દેહીને માટે વિરામનો વારો નથી. પોતાના સત્ય સ્વરૂપની સિદ્ધિ એને મળતી નથી ત્યાં સુધી એ ચાલતો જ રહે છે. એના માર્ગને અજવાળતો એક પ્રકાશ છે, એક શકિત એની સહાયમાં રહે છે. અલૌકિક શિખરો પ્રત્યે માનવ ઊર્ધ્વ દૃષ્ટિ કરે છે; પરા પ્રકૃતિનાં સુવર્ણ ઉધાર લઈ એ અમૃતત્વનો માર્ગ રચે છે. મહાન દેવો એની ઉપર આંખ રાખે છે. આજનું અશક્ય કાલના ભાવિનો પાયો બની જાય છે. શાશ્વત-સ્વરૂપનો સ્પર્શ પમાય છે, અનંતનાં પગલાં નીચે અંતરાયો નમતું આપે છે. અમરો જીવનમાં પ્રવેશે છે. મર્ત્ય વાતાવરણથી દૂષિત થયેલો પ્રેમ આવે છે, હૃદયનો મહેમાન બને છે ને વહેલો વહેલો વિદાય લે છે. કો અલૌકિક ક્ષણે અદ્‌ભુત સુંદરતા માનવીને ઘેરી લે છે; માનવીની વાણી સનાતન શબ્દ ઉચ્ચારે છે. માણસ કોઈ કોઈ વાર અજ્ઞાત ને અનંતના સમાગમમાં આવી જાય છે. એનો જન્મ પ્રતીકાત્મક છે ને પરમ સૌભાગ્યમાં એ દુ:ખી જીવને અમરતાની, શુદ્ધ પરિપૂર્ણતાની, છાયામુકત આનંદની પ્રાપ્તિ થઈ જાય છે. પૃથ્વીમાતા પોતાની અંદર રહેલું દેવત્વ માનવમાં પ્રકટ થયેલું જોવાની ઇચ્છા રાખે છે, નિસર્ગના પાયા ઉપર સ્વર્ગનો કીમિયો સિદ્ધ થયેલો જોવાની ઝંખના કરે છે.

રાજા ! તું સ્વયંભૂના અંતહીન વંશનું સુદક્ષ સંતાન છે. યુગોએ જેના જન્મ માટે તપસ્યા કરી છે તે જ્યોતિનો પરિત્યાગ કરી એને મરવા દેતો નહીં. માનવના અંધ અને આર્ત્ત જીવનને હજી સહાય કર. તારા આત્માની સર્વસમર્થ પ્રૌઢ પ્રેરણાને આધીન થા. તારો આત્મા પ્રભુની ને રાત્રિની વચ્ચે ચાલતી વાતચીતનો સાક્ષી છે; આર્દ્ર બનીને એ અમર શાંતિના ધામમાંથી અહીં ઊતરી આવ્યો છે. તારા ઉચ્ચોચ્ચ સ્વરૂપને સંમત થા, સર્જ ને સહન કરવાનું સહી લે. જ્ઞાન પ્રાપ્તિના પ્રયત્નથી વિરમ નહિ. તારા પરિશ્રમને વિશ્વવ્યાપી બનાવ. તારી શકિતને પાર્થિવ મર્યાદાઓમાં પૂરી રાખ નહિ. તારા કાર્યને કાલના કાર્યનું સમોવડ બનાવ. હજીય તું પ્રાચીન ને પરિશ્રમી પંથે પગલાં પાડતો રહે. મારો પ્રકાશ તારામાં પ્રવર્તશે. મારી શકિત તારું બળ બની જશે. અધીર બની ગયેલા અસુરને તારા હૃદયનું સંચાલન કરવા દેતો નહિ. અધૂરું ફળ માગતો નહિ, આંશિક જયલાભ લેવા લલચાતો નહિ. તારા આત્માને બ્રહ્મ જેવો બૃહત્ બનાવી દે એવું વરદાન માગ. મનુષ્યજાતિના ઉદ્ધારનો આનંદ માત્ર માગ. યાદ રાખ કે અંધ નિર્માણ અને અવરોધક શકિતઓને માથે એક મહા-

સંકલ્પ નિશ્ચલ ઊભો છે. એની સર્વસમર્થતાને તારા કર્મનું ફળ સમર્પી દે. રૂપાંતર પમાડવાવાળી પ્રભુની ઘડી આવશે ત્યારે બધું જ બદલાઈ જશે."

મા ભગવતીનો મધુર, મંગલમય ને મહાઓજસ્વી સ્વર વિરમ્યો. વ્યાપી રહેલી શાશ્વત શાંતિની નિસ્પંદ અનંતતામાં અશ્વપતિના હૃદયે ઉત્તર આપ્યો :

"એક વાર તારા મહિમાવંતા મધુર મુખની મનોહરતાનાં દર્શન કર્યા પછી, મા! હું મર્ત્ય જીવનની મંદતાથી શી રીતે સંતુષ્ટ રહી શકીશ? સાચે જ, તું તારાં સંતાનોને કઠોર નિર્માણે શું બાંધી રાખે છે. તેં અમને અમર શક્તિનાં પાત્રો બનાવ્યાં છે, માનવ જાતિમાં દેવત્વનું ઘડતર કરવાનું કામ સોંપ્યું છે, પણ કહે, અમારો આત્મા અંધકારમયી રાત્રિ સામે ક્યાં સુધી લડતો રહેશે? પરાજય ને મૃત્યુની ઝૂંસરી ક્યાં સુધી બરદાસ્ત કરશે? અને મારે અહીંની નિમ્ન ભૂમિકામાં ને માનવ અપૂર્ણતાઓની મધ્યે રહી તારું કાર્ય કરવાનું જ હોય તો તારો દૂરનો કોઈ એક પ્રકાશ મારામાં કેમ પ્રવેશતો નથી? આ ધૂસર ધુમ્મસમાં તારા આગમનની આભા કેમ દેખાતી નથી? ક્યાં છે તારા વિજયની પાંખોનો ગડગડાટ? અમે માત્ર પસાર થતા દેવોનાં પગલાંનો અવાજ સાંભળીએ છીએ; અમે જે કર્યું-કારવ્યું છે તે હતું ન હતું થઈ જાય છે. બધું જ પાછું ફરીથી કરવું પડે છે, ને તે છતાં અમે પાછા હતા ત્યાંના ત્યાં જ! અમારામાં અત્યલ્પ બળ છે; અત્યલ્પ પ્રકાશ આવરણોમાં થઈને અમારી પાસે આવે છે, અત્યલ્પ આનંદ માટે અમારે અથાગ દુ:ખ વેઠવાં પડે છે. અમારામાંથી એકાદ કોઈ વિશ્વવિશાલ દૃષ્ટિવાળો ઉદય પામે, સંમૂર્ત્ત સત્યનું સુવર્ણપાત્ર બને, પ્રભુનું પાર્થિવ શરીર બનવાને માટે યોગ્ય થાય, દિવ્ય દ્રષ્ટા, પરમ પ્રેમી, અને રાજાધિરાજ બની વિરાજે, એવી આશાથી અમે પારાવાર યાતનાઓ સહી પરસેવો ઉતારી રહ્યા છીએ. જાણું તો છું કે તારી સૃષ્ટિ કદી નિષ્ફળ નીવડવાની નથી. પણ તારી કૃપા ક્યારે થશે?

અમારી આખી જિંદગી એક આરોહતી સીડી છે. આરંભમાં અંતની તૈયારીઓ રહેલી હોય છે. માણસ દેખાય છે તેવો પંકની પેદાશ નથી. અત્યારનો માણસ આ અદ્ભુત જગતના માથાનો મુગટ નથી. પૃથ્વીને ને સ્વર્ગને એકાકાર બનાવતો એક દેવ ઊતરી આવશે ને એ અવતરણને કારણે વધારે મોટો દેવ હશે.

મારી સમાધિમાંથી એક શક્તિ પ્રકટ થઈ. મનીષી જ્યાં પારાવાર પ્રકાશમાં પોઢયો છે, સર્વદર્શી દૃષ્ટિ જ્યાં અસહ્ય જ્વાલાઓ ધારી જળે છે, ત્યાં શાશ્વતીની એક અનંત ક્ષણમાં મૌનના હૃદયમાં એણે ભાગ્યનિર્માણનો શબ્દ સાંભળ્યો, અને અકાળમાં રહી કાળની કરણી જોઈ. મર્યાદામાત્ર ઓળંગાઈ ગઈ. પ્રકટ થયેલા દિવ્ય સ્વરૂપે ભાવિ વસ્તુઓનું દર્શન કરાવ્યું. શિવનું તાંડવ સામે થઈને પસાર થયું, પડી ભાગતાં ભુવનોનો હોય એવો ઘોર અવાજ સંભળાયો. પૃથ્વી ઉપર આગ ને મૃત્યુ ફરી વળ્યાં. વિનાશની પાંખો વીંઝાવા લાગી. દૈત્યોનો દારુણ રણનાદ મારા કાનમાં ગાજ્યો. રાત્રિમાં ગભરાટ ને આફતની અફવાઓનો ફડફડાટ ફેલાયો. ત્યાં તો

મેં સર્વશક્તિમાનના પાવકોપમ પુરોગામીઓ જન્મની સીડીએ થઈ સમૂહોમાં ઊતરી આવતા હતા તેમને દીઠા. પ્રભાતતારકાના પ્રદેશમાંથી તેઓ મર્ત્ય જીવનની સાંકડી કક્ષામાં ઊતરી આવ્યા હતા. યુગસંધ્યા એમણે ઓળંગી. સૂર્યના જેવી એમની આંખો હતી. તેઓ હતા ધીરગભીર મહાસર્જકો. વિશ્વના અંતરાયોના તેઓ પ્રભંજકો હતા. ભાગ્યનિર્માણ સાથે તેઓ મલ્લયુદ્ધમાં ઊતર્યા હતા. તેઓ હતા દેવોની ખાણોના ખોદૈયાઓ. અકથનીયના સંદેશવાહકો તેઓ અમૃતત્વના શિલ્પીઓ હતા. અમૃતસ્વરૂપનો મહિમા એમના મુખ પર પ્રકાશતો હતો. આત્માની આભાઓથી એમનાં અંગ ઓપતાં હતાં. એમની પાસે હતો ચમત્કારી શબ્દ, નિગૂઢ અગ્નિ, દેવોના આનંદરસનો પ્યાલો. એમને ઓઠે હતું આત્માનું અપૂર્વ સ્તોત્ર. એમનાં પગલાં કાલના ગલિયારામાં પડઘા પાડતાં હતાં. પરમ પ્રજ્ઞાન, માધુર્ય, મહાબળ અને મહાસુખના એ હતા પુરોહિતો. સૌન્દર્યના સૂર્યોજ્જવલ માર્ગો એમણે શોધી કાઢયા 'તા; પ્રેમનાં પૂરોના એ હતા તરવૈયા, પ્રહર્ષણના નર્ત્તકો. એમના આગમને પૃથ્વીલોક પલટો પામી જશે. એમનું સાન્નિધ્ય પ્રકૃતિના મુખ પરની પ્રભાને પ્રમાણિત બનાવી દેશે.

ભાગ્ય જોકે ઊર્ધ્વમાં પાર રહી વિલંબ કરી રહ્યું છે, છતાં જેને માટે અમારા પરિશ્રમો ચાલતા રહ્યા છે તે સર્વ સિદ્ધ થશે. મનુષ્ય જેમ પશુમાંથી આવ્યો છે તેમ મનુષ્ય પછી એનો દિવ્ય વારસદાર અવશ્ય આવશે. મનુષ્ય ને મનુષ્યની શક્તિઓ માટે જે અશક્ય હતું તે સર્વ એ જીવનમાં સિદ્ધ કરશે. દેવતાઈ શક્તિઓ પૃથ્વી પર પ્રકટ થશે.

પરંતુ વસ્તુતઃ અપૂર્ણતા હજી સુધી ભારરૂપ બનીને રહેલી છે, કાળનું યૌવન વંધ્ય નીવડયું છે, આત્મા પર મરાયેલી મુદ્રા હજી સુધી પથ્થર જેવી રહી છે ને પૃથ્વીમાતાનું હૃદય શ્રાંત થઈ ગયું છે. તો હે પરમ સત્યમયી! હે ચિજ્જ્યોતિઓના સ્વર! પ્રજ્ઞાપારમિતાની પ્રદીપ્તિ! બ્રહ્માંડોની માતા! સર્જનહાર શક્તિ! સનાતનની કલામયી વધૂ! વિલંબિત થતી નહીં. કાળ પાસે પ્રભુનું હૃદય ખોલવાનું સાહસ કરાવ. હે આનંદમયી! નિગૂઢ નિવાસમાંથી આવ અને તારી ભાવોત્કટ પ્રેમની શક્તિને સંમૂર્ત્ત કર, તારા એક શ્વાસોચ્છ્વાસ લેતા સ્વરૂપને પૃથ્વી માટે મોકલ; પળને શાશ્વતીથી પૂર્ણ બનાવી દે, એક શરીરમાં અનંતતાને પંચપ્રાણવતી બનાવ; એક મનને જ્ઞાનસમસ્તથી સજ, એક માનવી હૃદયને પરમપ્રેમથી ધબકાવ; પૃથ્વી ઉપર અમર્ત્યનાં પગલાં પાડ; પાર્થિવ પિંડમાં સ્વર્ગધામના સૌન્દર્યને એકત્ર ઉલ્લસાવ; માનવ સંકલ્પને પ્રભુની સર્વશક્તિમત્તાથી સજ ને એક સંકેતથી ભવિષ્યને પલટો પમાડ; શિખરો પરથી એક મહાન શબ્દ ઉચ્ચાર ને એક અપૂર્વ આવદાનથી ભાગ્યનાં દ્વાર ઉઘાડી નાખ."

અવરોધ કરતી રાત્રિમાં રાજાની પ્રાર્થના શમી, પણ પ્રાર્થના પૂરતો એક સર્વતોગામી સૂર ઉદય પામ્યો. મા ભગવતીના મુખની આસપાસ એક તેજ તરવા લાગ્યું.

માના અધરોષ્ઠ પર અમૃતસ્વરૂપના આનંદે અક્ષરરૂપ લીધું:

"ઓ દૈવતવંતા અગ્રદૂત! મેં તારી પ્રાર્થના સ્વીકારી છે. પ્રકૃતિના પોલાદી નિયમનું ખંડન કરનાર એક ઊતરી આવશે. આત્માની એકલ શકિતથી એ સૃષ્ટિના ભાગ્યનિર્માણને પલટો પમાડશે. સઘળાં મહાબળો ને મહિમાઓ એનામાં એકત્ર બની જશે. સૌન્દર્ય પૃથ્વી ઉપર સ્વર્ગીય પગલે ચાલશે. એની અલકાવલિની અભ્રમાલામાં આનંદ આરામ લેતો પોઢશે. વૃક્ષ ઉપરને માળે વિહંગ, તેમ એનાં અંગોમાં અમર પ્રેમ પોતાની પ્રભાવશાળી પાંખો ફફડાવશે. અશોક વસ્તુઓનું સંગીત એની મોહિની ગૂંથશે. સિદ્ધોની વીણાઓ એના સ્વર શું સ્વર મિલાવશે. સ્વર્ગીય સ્રોતોનો મર્મરધ્વનિ એના સુહાસમાં લહેરશે. એના ઓઠ પ્રભુના મધપૂડા બની જશે.' એનાં સોનેરી શુભાંગોમાં પરમાનંદ પ્રવેશશે. એના વક્ષ:સ્થલે નંદનનાં પ્રહર્ષ-પુષ્પો પ્રફુલ્લશે. એનું નીરવ હૃદય પરમ પ્રજ્ઞાનનું ધામ બનશે. એનું બળ એટલે વિજેતાની તરવાર. એની આંખો દ્વારા સનાતનનું મહાસુખ દૃષ્ટિદાન દેશે. મૃત્યુની ઘોર ઘડીમાં એક અલૌકિક બીજ વવાશે. સ્વર્ગની કલમ માટીમાં રોપાશે. પ્રકૃતિ મર્ત્ય પગલાંની પારનાં પગલાં ભરતી બની જશે. એક સ્થિર સંકલ્પ દ્વારા પ્રારબ્ધ પરિવર્તન પામી જશે."

વરદાનનાં આ વચન ઊચરી ભગવતી પોતાના ઊર્ધ્વના અગમ્ય ધામમાં અલોપ થઈ ગઈ. શબ્દો શમી ગયા. પ્રમોદનો પડઘો, સૂરસંવાદિતા, મનોજ્ઞ મૂર્ચ્છના, રાગીલું તાન પાછાં સંકેલાઈ ગયાં. બધું જ પાછું ઉજ્જવલ શાંતિનું ખાલીખમ ઉદાસીન વેરાન બની ગયું. હવે તો શાંતિની દૂરની કિનારી પર થઈ પૃથ્વીલોકના મર્મરાટની સજીવન લહરી સરી આવી. મૌન મર્ત્ય હવાને આધીન થઈ ગયું. રાજાનાં સમાધિ-અવસ્થાનાં સ્વર્ગો ઓગળી ગયાં. જાગ્રત થયેલા મને એમનું સ્થાન લીધું. ખરતા તારા માફક નિમ્ન પ્રત્યે ઊતરતા અશ્વપતિના આત્મા આગળ થઈ એક પછી બીજી એમ અનેક ભૂમિકાઓ પસાર થઈ ગઈ. દેવોને લઈ આવતા આશ્ચર્યોના રથ જેવો રાજા અધ્યાત્મ દ્વારોમાં થઈ ઝડપભેર ઊતર્યો ને ફરીથી એકવાર ભૂલોકનાં દૃશ્યો વચ્ચે ગતિ કરવા લાગ્યો. કલ્પોનાં ક્ષેત્રોનો સનાતન અન્વેષક પુન: મહાન ને વેગવાન કાર્યો કરવા માટે બલવાન બનીને આવ્યો. અજ્ઞાન-રાત્રિના તારાઓના ચંદરવા નીચે એ જાગરૂક હતો, રૂપના રચનારા મનના રાજ્યનો મનીષી હતો. ગૂઢ ગગનોના અદૃશ્ય સૂર્યોમાંથી એ આવ્યો હતો. ક્ષણભંગુર વસ્તુઓના ભાગ્યનો એ વિધાતા બન્યો હતો. પશુમાંથી ઉત્ક્રાંત થયેલા માનવ શરીરમાં એ એક દેવ હતો. એણે પોતાનું વિજયી મસ્તક મહસો પ્રત્યે ઊંચું કર્યું, અસીમ સાગર મધ્યે આવેલા નક્કર ખડક ઉપર પોતે હોય નહિ તેમ તેણે જડદ્રવ્યની ને એના સીમાબદ્ધ સંસારની ઉપર આત્માનું સામ્રાજ્ય સ્થાપ્યું. પ્રાણના પ્રભુ અશ્વપતિએ સંદેહમાં રહેતા પૃથ્વીના ગોલક પર આવેલા અલ્પ ક્ષેત્રમાં પોતાનાં પ્રભાવશાળી ચંક્રમણો શરૂ કર્યાં.

ત્રીજું પર્વ સમાપ્ત